ક્રમાંક : ગુજકા/વેટ/૧૭એ/૨૦૦૮-૦૯/જા.૫૯/૫૩



વાણિજ્યક વેરા કમિશ્નરની કચેરી
ગુજરાત રાજ્ય,
સી/૨, વાણિજ્યકવેરા ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
તા. ૦૬-૧૦-૨૦૦૮

## જાહેર પરિપત્ર

વિષય : કલમ - ૬૩ હેઠળના ઓડીટ રિપોર્ટ બાબત.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમની કલમ-૬૩ અને નિયમ-૪૪ની જોગવાઈ મુજબ રૂા. ૧ કરોડથી વધુ કુલ ટર્નઓવર તેમજ રૂા. ૨૦ લાખથી વધુ ટેક્ષેબલ ટર્નઓવર ધરાવતા વેપારીઓએ હિસાબોનું ઓડીટ વર્ષ પૂરુ થયાના ૭ માસમાં કરાવી તે અંગેનો ઓડીટ રિપોર્ટ મળ્યેથી દિન-૩૦માં સંબધિત ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારી સમક્ષ રજૂ કરવાનો થાય છે.

વિવિધ વેપારી મંડળ તેમજ વિવિધ વકીલ મંડળની ઓડીટ રિપોર્ટ રજૂ કરવામાં પડતી મુશ્કેલીઓ અંગેની રજૂઆતોને ધ્યાને લઈ વર્ષ ૨૦૦૭-૦૮ માટેના ઓડીટ રીપોર્ટ રજુ કરવાની મુદત તા. ૩૦-૧૧-૨૦૦૮ સુધી લંબાવવામાં આવે છે.

આમ, ઓડીટ રિપોર્ટ તા. ૩૦-૧૧-૨૦૦૮ સુધીમાં રજૂ કરી શકાશે પરંતુ કલમ-૬૩ની જોગવાઈ મુજબ ૬ માસમાં ઓડીટ કરાવવાનું મુશ્કેલ થાય તે બાબતને ધ્યાને લઈને જે વેપારીએ તા. ૩૦-૧૧-૨૦૦૮ સુધીમાં ઓડીટ રિપોર્ટ રજુ કરેલ હશે તેઓ વિરુધ્ધ કલમ-૬૩ ની જોગવાઈનું પાલન ન કરવા બદલ ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ તથા ગુજરાત મુલ્યવર્ધિત વેરાના નિયમ-૨૦૦૬ અન્વયેની કોઈ પણ દંડકીય કે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. આ પરિપત્રની સબંધિત સર્વેએ નોંધ લેવી.

સહી/-
(પી. કે. પુજારી)
વાણિજ્યક વેરા કમીશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

---

ક્રમાંક : ગુજકા/વેટ/૬સી/૨૦૦૮-૦૯/જા.૫૮/૫૨

વાણિજ્યક વેરા કમિશ્નરની કચેરી
ગુજરાત રાજ્ય,
સી/૨, વાણિજ્યકવેરા ભવન,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
તા. ૨૬-૦૯-૨૦૦૮

## જાહેર પરિપત્ર

વિષય : નોન લોકલાઈઝડ ડીલર (**NLD**)ને કેન્દ્રીય વેચાણવેરા કાયદાની કલમ ૮(૫) હેઠળના નોટીફીકેશનના લાભ બાબત.

કેન્દ્રીય વેચાણવેરા કાયદા હેઠળની કલમ ૮(૫) હેઠળ આંતર રાજ્ય વેચાણોના કિસ્સામાં કેન્દ્રીય વેચાણવેરાના દરમાં રાહત આપવા આવે છે. જે નોટીફીકેશન દ્વારા આપવામાં આવે છે. આવા નોટીફીકેશનમાં રાજ્યમાં ધંધાનું સ્થળ ધરાવતા વેપારી દ્વારા કરવામાં આવતા વેચાણો પર નોટીફીકેશનમાં દર્શાવેલ દરે વેરો લાગે છે.

નોન લોકલાઈઝડ ડીલર રાજ્યમાં ધંધાનુ નિયમિત સ્થળ ધરાવતા નથી તેથી આવા વેપારીને કલમ ૮(૫) હેઠળના નોટીફીકેશનનો લાભ મળવા વિશે દ્વિધા ઉપસ્થિત થયેલ છે.

આ બાબતે સ્પષ્ટતા કરવાની કે નોન લોકલાઈઝડ ડીલર ને સ્થાનિક કાયદા હેઠળ તેમજ કેન્દ્રીય કાયદા હેઠળ નોંધણી નંબર આપવા અંગેની જોગવાઈઓને ધ્યાને લેતાં નોન લોકલાઈઝડ ડીલરને પણ કલમ ૮(૫) હેઠળના નોટીફીકેશન નાં લાભ મળવાપાત્ર થાય છે.

સહી/-
(પી. કે. પુજારી)
વાણિજ્યક વેરા કમીશ્નર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.